## ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૨ ના પ્રમુખ અધિકારી શ્રીમતી રઝીયા સલીમખાન પઠાણ, અમદાવાદ સમક્ષ.

**રેફરન્સ (આઈ.ટી.) નં.૨૧/૨૦૧૪**

**પ્રથમ પક્ષકાર:** આર.એમ.પી. બેરીંગ્સ,
રાણપુર, તા. ધંધુકા, જી. અમદાવાદ.

**અને**

**બીજા પક્ષકાર:** (૧) મંત્રીશ્રી, ગુજરાત મઝદુર સભા,
૧૦૪, ૧ લો માળ, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ,
વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ,
અમદાવાદ.

(૨) મંત્રીશ્રી, અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
૨ જો માળ, અરબ ચેમ્બર્સ,
પથ્થર કુવા, રીલીફ રોડ, અમદાવાદ.

(૩) મંત્રીશ્રી, આર.એમ.પી. મઝદુર સંઘ,
ટ્રીન્કેટ કોમ્પ્લેક્ષ, ધંધુકા રોડ, રાણપુર,
જી. અમદાવાદ.

**હાજર રહયા:** પ્રથમ પક્ષકાર તરફે :- વકીલશ્રી એ.એસ.પરીખ.
બીજા પક્ષકાર નં.૧ તરફે :- પ્રતિનિધિશ્રી એ.એન.પટેલ.
બીજા પક્ષકાર નં.૨ તરફે :- ગેરહાજર.
ત્રીજા પક્ષકાર નં.૩ તરફે :- ગેરહાજર.

**-:: <u>બીજા પક્ષકાર યુનિયનની આંક-૨૫ ની અરજી હેઠળ હુકમ</u> ::-**

**૧.** આ કામના બીજા પક્ષકાર યુનિયન તરફે આંક-૨૫ ની અરજી આપી અરજીના પેરા-૨(એ) થી (એફ) માં જણાવેલ દસ્તાવેજો કે જે પ્રથમ પક્ષકારના કબજામાં હોઈ અને તે આ વિવાદના ન્યાય નિર્ણય અર્થે જરૂરી અને મહત્વના હોઈ તે પ્રથમ પક્ષકાર રજુ તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

બીજા પક્ષકાર યુનિયને અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, કંપનીએ તેની આર્થિક પરિસ્થિતિ બાબતે તથા અન્ય જે મુદ્દાઓ ઉપર મુજબના ઉપસ્થિત કરેલ

છે, તેમાંના મોટાભાગના મુદ્દાઓ કે જે સંદર્ભમાં પ્રથમ પક્ષકાર કંપની રજુ કરે તો તેનાથી ઔદ્યોગિક તકરારનો અસરકારક રીતે ન્યાય નિર્ણય થઈ શકે તેમ છે તેમજ નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ કંપનીની આર્થિક પરિસ્થિતિનું વિગતે મુલ્યાંકન કરી અન્ય કંપનીઓમાં કામ કરતા કામદારો અને તેના પગારધોરણ ધ્યાને લઈને ન્યાય નિર્ણય કરી શકે તેમ છે, તેથી પગાર વધારો અને અન્ય લાભો સંદર્ભે ન્યાય નિર્ણય કરવા સારૂં પ્રથમ પક્ષકાર કંપની નીચેના દસ્તાવેજો રજુ કરે તે માટે હુકમ કરવા અરજ કરેલ છે. બીજા પક્ષકાર ધ્વારા પક્ષ નિવેદનમાં રેફરન્સના સમર્થનમાં જે રજુઆતો કરેલ છે તે સંદર્ભે જરૂરી, મહત્વના તેમજ ન્યાય નિર્ણય માટે જે દસ્તાવેજો પ્રથમ પક્ષકાર કંપનીઓના કબજામાં છે. તદૃ–ઉપરાંત પ્રથમ પક્ષકાર કંપનીએ સ્વયં આ દસ્તાવેજો રજુ કરવા જોઈતા હતા, પરંતુ તે રજુ કરેલ નથી અને તેથી પ્રથમ પક્ષકાર કંપની નીચે મુજબના દસ્તાવેજો રજુ કરે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

જેમાં પેરા–(એ) થી વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૧ ના તમામ એનેક્ષ્ચર સહીતના વાર્ષિક સરવૈયાની અધિકૃત નકલ, પેરા–(બી) થી ૨૦૧૧ થી ૨૦૨૧ ના ગાળા માટે ફેકટરી એકટ હેઠળ કંપની ધ્વારા ફેકટરી ઈન્સ્પેકટરને કંપનીમાં કામે રોકવામાં આવેલ કામદારો સંદર્ભેની મજુર કાયદાઓ હેઠળ મોકલવામાં આવેલ કોન્સોલીટેડ એન્યુઅલ સ્ટેટમેન્ટની નકલ, પેરા–(સી) થી કંપની અને આર.એમ.પી. મઝદુર સંઘ વચ્ચે સમાધાન કરારની શરતો પગાર વધારો અને અન્ય લાભો નકકી કરતી વખતે અન્ય જે કંપનીઓના આધારો જેવા કે સમાધાનો, બેલેન્સશીટ વિગેરે મેળવેલ હોય તે તમામની અધિકૃત નકલ, પેરા–(ડી) થી કંપનીનો ૨૦૧૧ થી ૨૦૨૧ ના ગાળાની ઉત્પાદન ખર્ચ અને તેની સામે થયેલ પગાર ખર્ચની વિગત દર્શાવતો ચાર્ટ, પેરા–(ઈ) થી કંપની ધ્વારા ઉત્પાદીત કરવામાં આવતી પ્રોડકટની ૨૦૧૧ થી ૨૦૨૧ ના ગાળામાં જે ભાવે અન્ય કંપનીઓને, ધંધાર્થીઓને વેચાણ કરેલ હોય તેની વેચાણ કિંમતની વિગતો તથા પેરા–(એફ) થી કંપનીના માલિક, ચેરમેન, મેનેજીંગ ડીરેકટર, મેનેજરો, અધિકારીઓને ૨૦૧૧ થી ૨૦૨૧ ના ગાળામાં ચુકવેલ પગાર,

પગાર વધારો અને અન્ય તમામ લાભો સાથેની વિગતો દર્શાવતું તમામ સમર્થિત દસ્તાવેજો સાથેનું સ્ટેટમેન્ટની માંગણી કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૬ થી જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રથમ પક્ષકારે આ જવાબમાં સ્પષ્ટપણે કબુલ કરવામાં આવેલ હોય તે સિવાયના બીજા પક્ષકારે અરજીમાં કરેલ તમામ વિગતો ખરી ન હોઈ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારને આ કે આવા પ્રકારની અરજી કરવાનો કાયદેસર કોઈ હકક કે અધિકાર ન હોઈ અરજી તેમજ અરજીમાં કોઈ ચોકકસ અને વજુદવાળું કારણ દસ્તાવેજો રજુ કરાવવાની અરજીમાં જણાવેલ ન હોઈ, બીજા પક્ષકારની અરજી અધુરી તથા અચોકકસ હોઈ શરુઆતથી જ રદ થવાને પાત્ર છે.

વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર યુનિયને આંક–૨૫ થી જે અરજી આપેલ છે, જે અરજી અનુસંધાનમાં જરૂરી સોગંદનામું રજુ કરેલ ન હોઈ આ અરજી અધુરી હોઈ તથા કાયદાની જોગવાઈઓ પૂર્ણ કરવામાં આવેલ ન હોઈ સદર અરજી શરુઆતથી જ રદ થવાને પાત્ર છે.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકારે યુનિયને કામદારોને પગાર વધારો તથા અન્ય લાભો આપવા માટે હાલનો રેફરન્સ ઉપસ્થિત કરેલ હોવા બાબતે તેમજ માંગણાનું નિવેદન રજુ કરેલ હોવા બાબતે કોઈ તકરાર નથી. તેમજ સંસ્થાએ રજુ કરેલ લેખીત જવાબના પેરા–(૧૧) થી (૧૫) માં જે વિગતો જણાવેલ છે તે મુજબ પ્રથમ કંપની અને આર.એમ.પી. મઝદુર સંઘ વચ્ચે સમાધાન થયેલ હોવાની રજુઆત, વર્ષ ૨૦૧૩ થી પ્રથમ પક્ષકાર સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી થતાં તેની નફાશકિત ખુબ જ ઘટી ગયેલ હોવાની રજુઆત, કંપની મોટી નાણાકીય બોજ સહન કરી શકે તેમ ન હોવાની રજુઆત, ઈન્ડસ્ટ્રીઝ કમ રીજીયનના સિધ્ધાંતને ધ્યાને લેતાં માંગણી સ્વીકારી શકાય તેમ ન હોવાની રજુઆત કરેલ છે, તે બાબતે કોઈ તકરાર નથી. પરંતુ કંપનીના રીઝર્વ ફંડમાં સતત વધારો નોંધાયેલ હોવા બાબતે, કંપની બેરીંગ્સ ઉદ્યોગના વ્યવસાયમાં મોનોપોલી ધરાવતી

હોવાની રજુઆત કરેલ છે તેનો સ્પષ્ટ જવાબ આપવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાએ ટાળેલ હોવાની રજુઆત ખરી ન હોવાનું જણાવેલ છે તેમજ બીજા પક્ષકાર યુનિયને નામદાર ઔદ્યોગિક ન્યાય પંચને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજીના પેરા–૨(એ) થી વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૧ ના તમામ એનેક્ષરો સહીતની વાર્ષિક સરવૈયાનું અધિકૃત નકલ, પેરા–૨(બી) મુજબ ૨૦૧૧ થી ૨૦૨૧ ના ગાળા માટે ફેકટરી એકટ હેઠળ કંપની ધ્વારા ફેકટરી ઈન્સ્પેકટરશ્રીને કામે રોકવામાં આવેલ કામદારો સંદર્ભના મજુર કાયદાઓ હેઠળ મોકલવામાં આવેલ કોન્સોલીટેડ એન્યુઅલ સ્ટેટમેન્ટની નકલ, પેરા–૨(સી) મુજબ કંપની અને આર.એમ.પી. મઝદુર સંઘ વચ્ચે કરારની શરતો, પગાર વધારો અને અન્ય લાભો નકકી કરતી વખતે અન્ય જે કંપનીના જે આધારો જેવા કે સમાધાનો, બેલેન્સ શીટ વિગેરે મેળવેલ હોય તે તમામની અધિકૃત નકલ, પેરા–૨(ડી) મુજબ કંપનીનો ૨૦૧૧ થી ૨૦૨૧ ના ગાળાનો ઉત્પાદન ખર્ચ અને તેની સામે થયેલ પગાર ખર્ચની વિગતો દર્શાવતો ચાર્ટ, પેરા–૨(ઈ) મુજબ કંપની ધ્વારા ઉત્પાદીત કરવામાં આવતી પ્રોડકટની ૨૦૧૧ થી ૨૦૨૧ ની ગાળામાં જે ભાવે કંપનીના ધંધાર્થીઓને વેચાણ કરેલ તેની વેચાણ કિંમતની વિગતો, પેરા–૨(એફ) મુજબ કંપનીના માલીક, ચેરમેન, મેનેજીંગ ડીરેકટર, મેનેજરો, અધિકારીઓને ૨૦૧૧ થી ૨૦૨૧ ના ગાળામાં ચુકવેલ પગાર વધારો તથા અન્ય તમામ લાભો સાથેની વિગતો દર્શાવતું તથા તમામ સમર્થિત દસ્તાવેજો સાથેના સ્ટેટમેન્ટ જેવા દસ્તાવેજો સદર અરજીથી રજુ કરાવવા અંગેની માંગણી બીજા પક્ષકાર યુનિયન ધ્વારા કરવામાં આવેલી છે. પરંતુ આવા દસ્તાવેજો આ કેસમાં શા કારણસરથી રજુ કરાવવા જરૂરી છે, તેનું કોઈ સચોટ કે ચોકકસ કારણ તેમની અરજીમાં જણાવેલ ન હોઈ દસ્તાવેજોની માંગણી કરવામાં આવેલ છે, તેવા દસ્તાવેજો બીજા પક્ષકાર અન્ય રીતે પણ મેળવીને રજુ કરી શકે છે તથા જે દસ્તાવેજો રજુ કરાવવા માટે આ અરજી કરેલ છે તે પૈકીના અમુક દસ્તાવેજો સંસ્થા

માટે ખૂબ જ કોન્ફીડેન્શીયલ તથા બીઝનેશ પોલીસીને લગતા હોઈ તેવા દસ્તાવેજો સંસ્થા નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ રજુ કરી શકે તેમ નથી.

વધુમાં એવી રજુઆત કરેલ છે કે, આ રેફરન્સ કેસ ૨૦૧૪ થી નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ ન્યાય નિર્ણય માટે પડતર છે તેમજ યુનિયને તેમનું માંગણાનું નિવેદન તા.૧૧–૯–૨૦૧૭ ના રોજ રજુ કરેલ છે. જેનો સંસ્થાએ લેખીત જવાબ સને ૨૦૧૮ માં રજુ કરેલ છે. આમ બીજા પક્ષકાર યુનિયને ૨૦૧૪ ના રેફરન્સ કેસમાં માંગણાનું નિવેદન ૨૦૧૭ માં રજુ કરેલ છે. જેથી બીજા પક્ષકાર યુનિયન ધ્વારા આ કેસને વિલંબમાં નાખવાનું કામ શરુઆતથી જ કરવામાં આવેલ છે અને આ રેફરન્સ કેસમાં આશરે ૭ વર્ષના સમયગાળા બાદ તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાનો લેખીત જવાબ રજુ થઈ ગયાના ૩ વર્ષ બાદ હાલની દસ્તાવેજો રજુ કરાવવાની અરજી રજુ કરવામાં આવેલ છે, કે જેથી કેસમાં આગળની કાર્યવાહી ન થાય તેમજ કેસને વિલંબમાં નાખવાના આશયથી આવી અરજી દાખલ કરવામાં આવેલ હોઈ, અરજી કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ, માંગેલ દસ્તાવેજો આ કેસને અનુરૂપ તેમજ સુસંગત ન હોઈ, દસ્તાવેજો રજુ કરાવવાની અરજી કાઢી નાખવા નમ્ર અરજ છે.

૩. પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૭ ના લીસ્ટથી સંસ્થાના તા.૩૧–૩–૨૦૨૦ તથા ૩૧–૩–૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષના બેલેન્સશીટની નકલ તથા સને ૨૦૧૨ થી ૨૦૨૧ સુધીના કોન્સોલીડેટેડ એન્યુઅલ રીટર્ન રજુ કરવામાં આવેલ છે.

૪. આ કામના બીજા પક્ષકાર સંસ્થા તથા પ્રથમ પક્ષકારના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળી.

૫. બીજા પક્ષકાર યુનિયન તરફે અરજીમાં મુખ્યત્વે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓના જવાબમાં જે સંસ્થાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાની તેમજ નફો ઘટી ગયેલ હોવાની હકીકતો જણાવેલ છે, તેના સંદર્ભમાં દસ્તાવેજોની માંગણી કરેલ છે, જેના સંદર્ભમાં પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૭ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં

આવેલ છે, જેમાં પ્રથમ પક્ષકારે સને ૨૦૨૦ તથા ૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષના બેલેન્સશીટની નકલ રજુ કરેલ છે તેમજ સને ૨૦૧૨ થી ૨૦૨૧ સુધીના વાર્ષિક પત્રકોની નકલો રજુ કરેલ છે, તેથી પ્રથમ પક્ષકાર સને ૨૦૧૩ થી ૨૦૨૦ સુધીના બેલેન્સશીટની નકલો રજુ કરે તેવો હુકમ કરવો યોગ્ય જણાય છે. તે સિવાયના બીજા પક્ષકારે માંગણી કરેલ દસ્તાવેજો આ વિવાદના ન્યાય નિર્ણય અર્થે સુસંગત ન હોઈ તે ગ્રાહય રાખી શકાય તેમ ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) બીજા પક્ષકાર યુનિયનની આંક–૨૫ ની દસ્તાવેજો રજુ કરાવવાની અરજી અંશત: ગ્રાહય રાખવામાં આવે છે.

(૨) પ્રથમ પક્ષકારે સને ૨૦૧૩ થી ૨૦૨૦ સુધીના વર્ષના બેલેન્સશીટની નકલ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાયના અન્ય જરૂરી દસ્તાવેજો પ્રથમ પક્ષકાર ધ્વારા આંક–૨૭ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ હોઈ, બીજા પક્ષકાર ધ્વારા આંક–૨૫ ની અરજીમાં માંગણી કરેલ અન્ય દસ્તાવેજો આ વિવાદના ન્યાય નિર્ણય અર્થે સુસંગત ન હોઈ બીજા પક્ષકારની સદરહુ દસ્તાવેજો રજુ કરાવવાની માંગણી ગ્રાહય રાખવામાં આવતી નથી.

અમદાવાદ.
તા. ૧૫–૧૦–૨૦૨૪

**(રઝીયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી
ઔદ્યોગિક ન્યાય પંચ, કોર્ટ નં.૨
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

**જે.બી.કુંજેરા, પી.એસ.**